# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-06-2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોના અત્યાર સુધી 80 DNA નમૂના મૅચ થયા. 33 પાર્થિવ દેહ મૃતકોના સ્વજનોને સોંપાયા.**
2. **પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગીય વિજય રૂપાણીના અવસાન પર આજે રાજ્યમાં એક દિવસનો રાજકીય શોક.**
3. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પ્રિન્સિપાલ સેક્રેટરી ડૉક્ટર પી. કે. મિશ્રાએ ગઈકાલે અમદાવાદ વિમાન દુર્ઘટના સ્થળની મુલાકાત લીધી.**
4. **પાર્થિવ દેહ સોંપવાના નામે પીડિત પરિવાર પાસે નાણા માગતા લોકોથી સાવધાન રહેવા તંત્રની અપીલ.**
5. **રાજ્યના 86 તાલુકામાં વરસાદ, અમરેલીમાં બેના મોત.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# DNA MATCHING UPDATE

અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોના અત્યાર સુધી 80 DNA નમૂના મેચ થયા છે. જ્યારે 33 પાર્થિવ દેહ મૃતકોના સ્વજનોને સન્માનપૂર્વક સોંપાયા છે. 13 મૃતકના પરિવારજનો આજે , 21 મૃતકના પરિજનો પરિવાર સાથે ચર્ચા બાદ પાર્થિવ દેહ સ્વીકારવા આવશે. અમદાવાદ સિવિલ હૉસ્પિટલના એડિશનલ સુપરિન્ટન્ડન્ટ ડૉક્ટર રજનીશ પટેલે ગત રાત્રે આ માહિતી આપી.

(બાઈટઃ ડૉ. રજનીશ પટેલ, એડિશનલ સુપરિન્ટન્ડન્ટ, સિવિલ હૉસ્પિટલ)

ઉલ્લેખનીય છે કે , દરેક મૃતકના પરિવાર માટે એક અલાયદી ટીમ ફાળવવામાં આવી છે. આ ટીમમાં એક વરિષ્ઠ અધિકારી , પોલીસકર્મી અને એક પ્રોફેશનલ કાઉન્સેલરનો સમાવેશ થાય છે.

---

# STATE MOURINING

પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગીય વિજય રૂપાણીના અવસાન પર આજે રાજ્યમાં એક દિવસનો રાજકીય શોક જાહેર કરાયો છે. આજે તમામ ઈમારતો પર રાષ્ટ્રધ્વજ અડધી કાંઠીએ ફરકાવાશે. આજે સંપૂર્ણ રાજકીય સન્માન સાથે રાજકોટમાં સ્વર્ગીય વિજય રૂપાણીના અંતિમ સંસ્કાર કરાશે.

ઉલ્લેખનીય છે કે , અમદાવાદ વિમાન દુર્ઘટનામાં પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગીય વિજય રૂપાણીનું અવસાન થયું છે. ગઈકાલે તેમના DNA નમૂના મેચ થયા હતા. ત્યારે આજે સવારે અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાંથી તેમનો મૃતદેહ સ્વીકારવામાં

આવશે. ત્યારબાદ બપોરે તેમના પાર્થિવ દેહને અમદાવાદથી રાજકોટ પહોંચાડવામાં  આવશે. રાજકોટમાં સાંજે ચારથી પાંચ વાગ્યા સુધી સ્વર્ગીય રૂપાણીના નિવાસસ્થાને તેમના પાર્થિવ દેહને દર્શન માટે રાખવામાં આવશે.    આ અંગે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે વધુ માહિતી આપી

**(બાઈટ – ઋષિકેશ પટેલ, આરોગ્ય મંત્રી)**

---

# AHMEDABAD POLICE

અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં વિમાન દુર્ઘટનાના મૃતકોના પરિવારજનોની સુરક્ષા સહિતની સુવિધાઓ માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આ અંગે અમદાવાદ પોલીસના ઉચ્ચ અધિકારી જયપાલ સિંહે વધુ માહિતી આપી.

**(બાઈટઃ જયપાલ સિંહ, IPS અધિકારી)**

---

# PK MISHRA AMDAVAD VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પ્રિન્સિપાલ સેક્રેટરી ડૉક્ટર પી. કે. મિશ્રાએ ગઈકાલે અમદાવાદની મુલાકાત લીધી. દરમિયાન તેમણે શ્રી મિશ્રાએ મેઘાણીનગર સ્થિત બી. જે. મૅડિકલ કૉલેજ નજીક વિમાન અકસ્માત સ્થળની    મુલાકાત લઈ સમીક્ષા કરી, જ્યાં રાજ્ય સરકાર , વિમાન અકસ્માત તપાસ સંસ્થા  – AAIB અને ભારતીય હવાઈમથક સત્તામંડળના વરિષ્ઠ અધિકારીઓએ તેમને ઘટનાના ક્રમ અને તાત્કાલિક પ્રતિભાવ પગલા અંગે માહિતી આપી.

શ્રી મિશ્રા અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં શોકગ્રસ્ત પરિવારજનોને પણ મળ્યા હતા. તેમણે હૉસ્પિટલમાં DNA નમૂના મેચિંગ પ્રક્રિયાનું અવલોકન કર્યું. તેમજ અધિકારીઓને સંપૂર્ણ સહાય પૂરી પાડવા નિર્દેશ આપ્યો. તેમણે ઈજાગ્રસ્ત પીડિતો સાથે પણ વાત કરી. હૉસ્પિટલના અધિકારીઓને તેમની તબીબી સારવાર અને સ્વસ્થતાને પ્રાથમિકતા આપવા સૂચના આપી.

ડૉક્ટર મિશ્રાએ ગાંધીનગરમાં ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળા - FSL ખાતે DNA નમૂના લેવાના પ્રયાસની સમીક્ષા કરી અને વૈજ્ઞાનિક ચોક્સાઈ જાળવી રાખીને ઝડપથી ઓળખ પૂર્ણ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

---

# CIVIL APPEAL

અમદાવાદ સિવિલ હૉસ્પિટલના ઍડિશનલ સુપરિન્ટન્ડન્ટ ડૉક્ટર રજનીશ પટેલે જણાવ્યું, સિવિલ હૉસ્પિટલમાં હાલમાં ચાલી રહેલી પાર્થિવ દેવ સોંપવાની સંવેદનશીલ પ્રક્રિયા સહિત કોઈ પણ કામગીરી માટે હૉસ્પિટલ દ્વારા કોઈ પ્રકારની ફી લેવામાં નથી આવતી. પાર્થિવ દેહ સોંપવાના નામે પૈસા માગતા પીડિત પરિવાર સાથે છેતરપિંડી કરતા લોકોથી સાવધાન રહેવા પણ શ્રી પટેલે લોકોને અપીલ કરી છે.

---

# Planecrash – AMC KAMGIRI

અમદાવાદ વિમાન દૂર્ઘટના બાદ વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી હતી. અમદાવાદ મહાનગરપાલિકા ના કમિશનર બંછાનિધિ પાનીએ જણાવ્યું કે , વહીવટી તંત્રની ઝડપી કામગીરી અને સંકલનને કારણે

મોટાભાગની બચાવ-રાહત કામગીરી માત્ર ચાર કલાકમાં પૂર્ણ કરી દેવાઈ હતી. ઘટના સ્થળની આસપાસની ઈમારતોમાંથી 30થી વધુ લોકોને અગ્નિશમનની ટુકડી દ્વારા બચાવી લેવાયા હતા..

**(બાઈટ - બંછાનિધિ પાની)**

---

# STATE RAINB (PAGE 1)

રાજ્યમાં ગઈકાલે 86 તાલુકામાં હળવાથી મધ્યમ વરસાદ વરસ્યો. ગઈકાલે રાતે 10 વાગ્યા સુધીમાં સુરતના ઉમરપાડામાં સૌથી વધુ 3.39 ઇંચ વરસાદ નોંધાયો હતો. બનાસકાંઠાના પાલનપુરમાં 2.8, ડાંગના આહવામાં 2.68 , જ્યારે અમરેલીના ખાંભામાં 2.56 ઇંચ વરસાદ વરસ્યો.

ભાવનગર જિલ્લાના અમારા પ્રતિનીધી જણાવે છે કે, વલભીપુરમાં દોઢ ઇંચ, ઘોઘામાં એક ઇંચ અને ભાવનગર શહેરમાં અડધો ઇંચ વરસાદ વરસ્યો.
ગોહિલવાડ પંથકમાં ગત મોડી સાંજે વરસાદ થતા ગરમીમાંથી રાહત મળી. સિહોર તાલુકાના ટાણા ગામમા વીજળીના કડાકા સાથે ધોધમાર વરસાદ થતાં વીજ પુરવઠો ખોરવાયો.

બનાસકાંઠાના અંબાજી, દાંતા, પાલનપુર, વડગામ, ધાનેરા, થરાદ સહિતના વિસ્તારમાં ક્યાંક ઝરમર તો ક્યાંક એક ઇંચ જેટલો વરસાદ વરસ્યો . સાબરકાંઠા જિલ્લામાં ઈડર અને વડાલી પંથકમાં ભારે પવન સાથે વરસાદ પડ્યો.

અમરેલીના સાવરકુંડલામાં જાબાળ ગામમાં બળદગાડું પાણીમાં તણાઇ જતાં 75 વર્ષના એક વ્યક્તિનું મોત નીપજ્યું. જ્યારે તેમના પુત્રનો આબાદ બચાવ

થયો. ધારી તાલુકાના બોરડી ગામે એક યુવાને ચાલુ વરસાદે ઝાડ નીચે આશ્રય લેતા જ ઝાડ પર વીજળી પડવાથી તેનું મોત થયું હતું. જ્યારે અન્ય એક યુવકને ઈજા પહોંચી.

મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાં ગ્રામ્ય વિસ્તારોમાં વાવાઝોડા સાથે વરસાદ પડતાં વીજ પુરવઠો ઠપ થયો. વૃક્ષો પડવાના કારણે વીજ વાયર અને અન્ય નુકસાન થતા વીજ પુરવઠો ખોરવાયો.

દરમ્યાન હવામાન વિભાગે આગામી 2 દિવસ રાજ્યમાં તોફાની પવન અને વીજળી સાથે વાવાઝોડાની આગાહી કરી છે. અમરેલી, જિલ્લામાં પણ આગામી 6 દિવસ ભારેથી અતિભારે વરસાદને લઈને યલો-ઑરેન્જ એલર્ટ જાહેર કરાયું છે.

---

# CIVIL HOSPITAL CLARIFICATION

અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાંથી અત્યાર સુધી જેટલા પણ પાર્થિવ દેહ તેમના સ્વજનોને સોંપાયા છે. તે ખૂબ જ સન્માનભેર, માન-સન્માન સાથે સોંપવામાં આવ્યા છે અને આગળ પણ આ રીતે જ સોંપવામાં આવશે. સિવિલ હૉસ્પિટલ દ્વારા મૃતકના પાર્થિવ દેહની બેગ બે માથા સાથે સોંપવામાં આવી છે તેવા સમાચાર વિવિધ મીડિયાના માધ્યમથી પ્રકાશિત થયા છે તે સમાચાર ખોટા હોવાનું અમદાવાદ સિવિલ હૉસ્પિટલે સત્તાવાર યાદીમાં જણાવ્યું છે.

જિલ્લા વહીવટી તંત્ર કે જિલ્લા કલેક્ટર દ્વારા પણ અત્યાર સુધીમાં રાજ્ય સરકાર કે સિવિલ હૉસ્પિટલ તંત્રને આ અંગે કોઈ જાણ કે ફરિયાદ કરવામાં નથી

**આવી. સિવિલ હૉસ્પિટલે લોકોને આવી પરિસ્થિતિમાં તથ્ય વિહોણા સંદેશ કે સમાચાર પર વિશ્વાસ ન કરવા અપીલ કરી છે.**

---